# પ્રેસનોટ

તા. ૨૪-૭-૨૦૧૦

- **ન્યાયની પ્રક્રિયામાં વિશ્વાસ રાખવાને બદલે પ્રજાને ઉશ્કેરવાનો મુખ્યંમત્રીનો પ્રયાસ શરમજનક છે.**
- **ગુજરાતમાં ચાલતી અપરાધ યાત્રા રોકવાની જવાબદારી ગુજરાત સરકારની છે.**
- **ગાંધીજીના ગુજરાતમાં ગૃહમંત્રીને હત્યાના આરોપી બનવું પડે તે ઘટના શરમજનક**
- **સુપ્રીમકોર્ટના આદેશથી સી.બી.આઈ. તપાસ કરે છે તેમાં કેન્દ્ર સરકાર કે કોંગ્રેસને કઈ લેવા – દેવા નથી : સિધ્ધાર્થ પટેલ અને શક્તિસિંહ ગોહિલ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી સિધ્ધાર્થભાઈ પટેલ અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, અમે અગાઉ વારંવાર જાહેર કર્યું છે અને ફરીવાર ખુબ જ ભાર પૂર્વક જાહેર કરીએ છીએ કે નકલી એન્કાઉન્ટરની તપાસ સુપ્રીમ કોર્ટ દ્વારા સી.બી.આઈ. ને સોંપવામાં આવી તેમાં કેન્દ્ર સરકાર કે કોંગ્રેસને કઈ લેવાદેવા નથી. દરેક ખોટા કૃત્ય બદલ કેન્દ્ર સરકાર કે કોંગ્રેસને દોષ દેવાની મુખ્યમંત્રીની માનસિકતા દયાને પાત્ર છે.

ન્યાયની પ્રણાલીકામાં વિશ્વાસ રાખવાના અને સહકાર આપવાને બદલે ગુજરાતના મુખ્યમંત્રી પ્રજાને ઉશ્કેરવાનું કામ કરે છે તે શરમજનક છે. ભાજપને ગુજરાતના સાચા વિકાસની ચિંતા નથી પણ ખંડણી અને ગુન્હાખોરીની જે યાત્રા ભાજપે શરૂ કરી છે તેના પર રોક આવશે તેની ચિંતા ભાજપને સતાવી રહી છે એટલે તપાસમાં સહકાર આપવાને બદલે મનઘડંત અને વજુદ વગરના આક્ષેપો કરી રહેલ છે.

શ્રી પટેલ અને શ્રી ગોહિલે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની પોલીસે એન્કાઉન્ટર નકલી હોવાનો એફીડેવીટ દ્વારા સુપ્રીમકોર્ટમાં સ્વિકાર કર્યા પછી, સુપ્રીમકોર્ટે સી.બી.આઈ.ને તપાસ સોંપી છે. સુપ્રીમકોર્ટના સીધા માર્ગદર્શન હેઠળ તપાસ કરી રહેલ સી.બી.આઈ.ને તપાસ દરમ્યાન આ ગુન્હા માટે જવાબદારોના નામ ખુલ્યાં ત્યારે અકળાઈ ઉઠેલા ભાજપે કોંગ્રેસ સામે હોબાળો શરૂ કર્યો છે જે અત્યંત વ્યર્થ અને રાજકીય હેતુ પ્રેરીત છે. જવાબદારોને અન્યાય થયાનું જણાય તો સુપ્રીમકોર્ટમાં

...૨

રજુઆત કરવી જોઈએ એમ ન કરતાં ભાજપ સુપ્રીમકોર્ટના હુકમથી તપાસ કરી રહેલ સી.બી.આઈ. કેન્દ્ર સરકાર અને કોંગ્રેસ પક્ષ વિરૂદ્ધ આક્ષેપ કરીને કાદવ ઉછાળવાનું નિરર્થક પ્રયાસ કરી રહેલ છે. પોતાના પગ નીચે રેલો આવે ત્યારે છટકવાનો પ્રયાસ કરીને પ્રજાને ગેરમાર્ગે દોરવાના ભાજપના આ પ્રચારથી કોઈ ગેરમાર્ગે દોરાશે નહીં.

આગોતરા જામીન અરજી રદ થયા પછી, ગૃહરાજ્યમંત્રીએ વહેલી તકે તપાસ એજન્સી સમક્ષ હાજર થઈને તપાસમાં સહકાર આપવો જોઈએ તેના બદલે હાજર થવાનું ટાળવાનું કાયદાપાલનની જેની જવાબદારી છે એવા કાયદામંત્રીને શોભતું નથી.

આ ગુજરાત ગાંધીનું ગુજરાત છે, ગાંધીના ગુજરાતમાં રાજ્યના ગૃહમંત્રીને ૩૦૨ કલમ – હત્યા ના ગંભીર આરોપી બનવું પડે તેનાથી બીજી શરમજનક ઘટના કોઈ હોઈ શકે નહીં.

ગૃહરાજ્યમંત્રીના રાજીનામાથી પ્રશ્ન પતી જતો નથી, ક્યા કારણો સર તેઓ તપાસમાં સહકાર આપવાથી દુર રહે છે, હાજર થતાં નથી, તેની પાછળના કારણો શું છે ? કોને છાવરવાનો પ્રયાસ થઈ રહ્યો છે તે બાબત વિચારણા માંગી લે છે.

ગૃહરાજ્યમંત્રીની ધરપકડ થશે તો લોકો રસ્તાઓ ઉપર ઉતરી આવશે એવી મુખ્યમંત્રીની ઉશ્કેરણી ખુબ ગંભીર બાબત અને લોકશાહીનું અપમાન છે, શુ મુખ્યમંત્રી ૨૦૦૨ ની સ્થિતી ઉભી કરવા માંગે છે ? ગુજરાતના મુખ્યમંત્રીએ જવાબદાર ખુરશી ઉપર બેઠા હોવાથી જુઠ્ઠાણું ફેલાવવું નહીં જોઈએ. અત્યંત ગંભીર પ્રકારના ગુન્હાના આરોપીને બચાવવાનો પ્રયાસ કરવાને બદલે ન્યાયાલયને સહયોગ આપવો જોઈએ. ન્યાયની પ્રણાલીકામાં વિશ્વાસ રાખવાને બદલે પ્રજાને ઉશ્કેરવાનું કામ મુખ્યમંત્રી કરી રહ્યાં છે તે ગુજરાત માટે શરમજનક છે.

કોંગ્રેસ ગુજરાતની વિકાસ યાત્રાને રોકવાનો પ્રયાસ કરે છે એવા મુખ્યમંત્રીના વિધાનને બેબુનિયાદ ગણાવીને શ્રી પટેલે અને શ્રી ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતનો વિકાસ થાય તેમાં કોંગ્રેસ પુરો સહભાગી છે પણ ભાજપે ખંડણી અને ગુન્હા ખોરીની જે યાત્રા શરૂ કરી છે તેના પર રોક આવશે તેની ચિંતા ભાજપને છે, ગુજરાતના સાચા વિકાસની નહીં. ગુજરાતમાં ચાલતી અપરાધ યાત્રા રોકવાની જવાબદારી ગુજરાત સરકારની છે.

ચાલ, ચલન અને ચારિત્રની વાત કરનાર ભાજપ જ્યારે ગંભીર ગુનાના ગુન્હેગારોને છાવરવા માટે પ્રયત્નશીલ છે તે બતાવે છે કે ભાજપનો અસલી ચહેરો કેવો છે.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ ભાજપના ભ્રામક પ્રચારમાં આવવાને બદલે ન્યાયની પ્રક્રિયામાં શાંતિપૂર્ણ સહયોગ આપવાનું વલણ દાખવ્યું છે, ગુન્હેગારને સજા ન થાય તે માટે આંદોલનની વાત કરનારાઓને ગાંધીજીના ગુજરાતની જનતા ક્યારેય સહયોગ નહીં આપે. સ્વ. હરેન પંડ્યાની હત્યાં થઈ અને તેની તપાસ સી.બી.આઈ. ને સોંપવામાં આવી ત્યારે તે વખતના ગૃહમંત્રીશ્રી અડવાણીજીએ કહ્યું હતું કે સી.બી.આઈ. એક સ્વતંત્ર સંસ્થા છે અને તેની કામગીરીમાં કોઈ હસ્તક્ષેપ કરી શકતું નથી, અડવાણીજીએ જે સંસ્થાને પ્રમાણીક હોવાનું પ્રમાણપત્ર આપેલ તે સંસ્થા સી.બી.આઈ. આજે સાચા ગુન્હેગારોને શોધી શકી છે ત્યારે સી.બી.આઈ. વિરૂદ્ધ ભાજપના આક્ષેપો કમ નસીબ છે.

(જયંતીલાલ પરમાર)

પ્રવક્તા